APMCના કાયદામાં કરવામાં આવેલા સુધારાને લીધે માર્કેટ યાર્ડ બંધ થઈ રહ્યાં છે

જૂના સહકારી નિયમો પાછા લાગુ કરવા કેન્દ્રીય સહકાર મંત્રી

મુખ્યમંત્રીને દર્શન નાયકની રજૂઆત

સુરતઃ ખેડૂતોના લાંબા આંદોલન પછી 3 રદ થયેલા કૃષિ કાનૂન આધારિત APMC ના કાયદામાં કરવામાં આવેલા સુધારાને લીધે ગુજરાતમાં માર્કેટ યાર્ડ બંધ થયા છે ત્યારે ખેડૂત અને સહકારી અગ્રણી, પ્રદેશ કૉંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ભંડોળના અભાવે ગુજરાતમાં મોટી સંખ્યામાં APMC માર્કેટ યાર્ડ બંધ થયા છે.

જૂના સહકારી નિયમો પાછા લાગુ કરવા કેન્દ્રીય સહકાર મંત્રી મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

પત્રમાં લખવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસે ગુજરાતનાં લાખો ખેડૂતોના હિતમાં એક ખેડૂત અને સહકારી આગેવાન તરીકે જણાવવાનું કે સને ૨૦૨૦ ના વર્ષમાં ગુજરાત સરકારે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૨૦૨૦ (Gujarat Agricultural Produce Markets (Amendment) Ordinance-2020) દ્વારા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ - ૧૯૬૩ (Gujarat Agricultural Produce Markets Act-1963) માં ૨૬ જેટલા સુધારા કર્યા,જેનો હેતુ ખેડૂતોને વધુ બજાર સુલભતા અને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવાનો હતો.

ગુજરાતમાં APMC ના કાયદામાં સુધારા અંગેની ચિંતાઓ મોટાભાગે કેન્દ્રના ત્રણ કૃષિ કાયદાઓ (જે ૨૦૨૧ ના વર્ષમાં રદ થયા) સાથે જોડાયેલી છે, કારણ કે ગુજરાતમાં APMC ના કાયદામાં કરવામાં આવેલ સુધારા આ કાયદાઓના મોડેલ પર આધારિત છે. કેન્દ્ર સરકાર દ્વારા આવેલ આ કૃષિ બિલ સમગ્ર ભારત દેશમાં લાગુ કરવામાં આવનાર હતું.

પરંતુ ખેડૂતો દ્વારા કરવામાં આવેલા આંદોલન બાદ કેન્દ્ર સરકાર દ્વારા કૃષિબીલ પરત લેવાની સૂચના મળી હતી.જેમાં ભારત દેશનાં ગુજરાત સિવાયના તમામ લાગુ કરવામાં આવેલા રાજ્યોમાંથી પરત લેવામાં આવેલા છે માત્ર ગુજરાત રાજ્યમાં આ કાયદો લાગુ છે.

સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યમાં સહકારી માળખું ખૂબ જ મજબૂત છે. કારણ કે મોટા ભાગના ખેડૂતો અને પશુપાલકો સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલ છે.

પરંતુ ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૨૦ ના વર્ષમાં વટહુકમ બહાર પાડી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ - ૧૯૬૩ ના કાયદામાં સને ૨૦૨૦ જે સુધારો કરેલ છે, તેને લીધી ખેડૂતોને અને ગુજરાતમાં સહકારી ધોરણે ચાલતી સંસ્થાઓને ભારે નુકસાન થઈ રહ્યો છે.

35 વિદ્યુત સહાયકની નિમણૂક ધારાસભ્યોની રજૂઆત પહેલા જ થઈ ગઈ હતી: DGVCL

ખાસ રજૂઆતને આધારે કોઈ સ્પેશિયલ કેસ તરીકે કોઈને નિમણૂક અપાતી જ નથી, નિયમિત પ્રક્રિયા હેઠળ જ ભરતી કરાતી હોવાની વીજ કંપનીની સ્પષ્ટતા

સુરતઃ ડીજીવીસીએલ (દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ.) તરફથી મળેલી વિગતો મુજબ ગઈકાલે ધારાસભ્યોની રજૂઆત પહેલા જ નિયમિત પ્રક્રિયા હેઠળ ૩૫ વિદ્યુત સહાયકની નિમણૂક થઈ ગઈ હતી.

ડીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા અનુસાર, આ ભરતી પ્રક્રિયા ગત જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી પરીક્ષાના આધારે કરાઈ હતી. એ સમયે કોઈ જગ્યાઓ ખાલી ન હોવાથી, નિયમ મુજબ પહેલાથી ચાલુ બઢતી અને બદલી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પડેલી ખાલી જગ્યાઓ પર ૨૭ જૂન ૨૦૨૫ના રોજ નિમણૂકપત્રો આપવામાં આવ્યા હતા.

નોંધપાત્ર વાત એ છે કે, આ દરમિયાન ગામ પંચાયતની આચારસંહિતા ૨૮-૦૫-૨૦૨૫થી ૨૬-૦૬-૨૦૨૫ સુધી લાગુ રહી હતી, જેના પૂર્ણ થયા બાદ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. ડીજીવીસીએલએ સ્પષ્ટ કર્યું છે કે વિદ્યુત સહાયકની નિમણૂક એ સતત ચાલતી નિયમિત પ્રક્રિયા છે અને તે કેવળ હયાત મેરિટ લિસ્ટના આધારે તેમજ ખાલી પડેલી જગ્યાઓ મુજબ જ કરવામાં આવે છે. આ નિયત પ્રક્રિયામાં ખાસ રજૂઆતના આધારે કોઈ "સ્પેશિયલ કેસ તરીકે નિમણૂક આપવામાં આવતી નથી.

સરકારની પ્રસ્તાવિત એગ્રીગેટર ગાઇડલાઇન માર્ગદર્શિકા 2025 સામે વિરોધ

હજારો ટેક્સી ડ્રાઈવરો રોજગાર ગુમાવશે લાખો ઓટો ડ્રાઈવરોને પણ નુકસાન થશે

ઓટો રિક્ષા ફેડરેશનના પ્રમુખ મહેશ માસ્ટરે મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી સમક્ષ વિરોધ નોંધાવ્યો

સુરતઃ ભારત સરકારના પ્રસ્તાવિત એગ્રીગેટર ગાઇડલાઇન માર્ગદર્શિકા 2025 હેઠળ સફેદ પ્લેટવાળા વાહનો અને બાઇકને કમર્શિયલ એગ્રીગેટર સેવામાં સમાવવા સામે વિરોધનો વંટોળ ઊભો થયો છે.

સુરત શહેર જિલ્લા ઓટો રિક્ષા ફેડરેશનના પ્રમુખ મહેશ માસ્ટરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી, વાહન વ્યવહાર કમિશનર અને આરટીઓને પત્ર લખી જણાવ્યું છે કે, અમે ભારત સરકાર દ્વારા પ્રસ્તાવિત નવી એગ્રીગેટર નીતિ 2025નો સખત વિરોધ કરીએ છીએ, જેમાં સફેદ પ્લેટવાળી ખાનગી કાર અને બાઇકને એગ્રીગેટર કંપનીઓ (જેમ કે ઓલા, ઉબેર, રેપિડો વગેરે) દ્વારા કોમર્શિયલ સેવા પૂરી પાડવાની મંજૂરી આપવામાં આવી રહી છે.

આ મેમોરેન્ડમ થકી લાખો ટેક્સી અને ઓટો ડ્રાઇવરોના અધિકારો અને રોજગારનું રક્ષણ થઈ શકે.

૪ વર્ષથી જૂની ટેક્સીઓને એગ્રીગેટર પ્લેટફોર્મ પરથી દૂર કરવામાં આવશે, જ્યારે રાજ્ય સરકારો પોતે 12 વર્ષ સુધી ટેક્સી પરમિટ આપે છે. ટેક્સી માલિકો 6-7 વર્ષ માટે લોનના હપ્તા ચૂકવે છે અને ક્યારેક લોન મુસાફરી દરમિયાન અધવચ્ચે જ તૂટી જાય છે.

આ નિયમ ટેક્સી માલિકને આર્થિક રીતે બરબાદ કરશે - ન તો તે વાહન વેચી શકશે, ન તો તે તેને ચલાવી શકશે, ન તો તે લોન ચૂકવી શકશે.

ઓટો રિક્ષા ફેડરેશનની માંગણીઓ

કોઈપણ સંજોગોમાં વાણિજ્યિક એગ્રીગેટર સેવાઓમાં સફેદ પ્લેટ વાહનોને મંજૂરી આપવી જોઈએ નહીં. સમગ્ર ભારતમાં એક સમાન અને સ્પષ્ટ વાણિજ્યિક વાહન નીતિ લાગુ કરવી જોઈએ. ફક્ત પરમિટ ધારકો, વાણિજ્યિક રીતે વીમાકૃત વાહનોને એગ્રીગેટર સેવામાં સમાવવા જોઈએ. બધા રેલવે સ્ટેશનો, એરપોર્ટ અને આંતરરાજ્ય બસ ટર્મિનલ પર ફક્ત સ્થાનિક વાણિજ્યિક વાહનોને જ ચલાવવાની મંજૂરી આપવી જોઈએ. અન્ય રાજ્યોથી આવતા સફેદ પ્લેટવાળા વાહનો/બાઇકને ટેક્સી સેવાઓ પૂરી પાડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

સુરત જિલ્લામાં ધોધમાર: પલસાણા, બારડોલી અને મહુવામાં પોણા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

ઉપરવાસમાં નોંધપાત્ર વરસાદને પગલે ઉકાઈ ડેમમાં 24 હજાર ક્યુસેક પાણીની આવક, સપાટી 320.61 ફૂટે પહોંચી

સુરતઃ સુરત જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન મેઘરાજાએ હાજરી નોંધાવી છે. કુલ 9 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં પલસાણા, બારડોલી અને મહુવામાં સૌથી વધુ 69 મીમી વરસાદ થયો છે. વરસાદનું પ્રમાણ ઘણાં વિસ્તારોમાં મધ્યમથી ભારે રહ્યું છે.

હવામાન વિભાગે આગાહી આપી છે કે આગામી ૪મી જુલાઈ સુધી જિલ્લામાં વિવિધ સ્થળોએ ધીમાથી ધોધમાર વરસાદની શક્યતા છે. ખેડૂતો અને નાગરિકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. આજે જિલ્લામાં સર્વત્ર વરસાદ નોંધાયો હતો.

જેમાં સૌથી વધારે વરસાદ પલસાણા, બારડોલી અને મહુવામાં નોંધાયો છે. ઉકાઈ ડેમના ઉપરવાસના વિસ્તારોમાં પણ મધ્યમથી ભારે વરસાદ થયો છે. ખાસ કરીને ભુસાવલ અને પીપરીમાં 34 મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે હથનુરમાં 23 મીમી અને બુરહાનપુરમાં 17 મીમી વરસાદ થયો છે. ઉકાઈ ડેમમાં આજે 24 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે, જેના પરિણામે ડેમની સપાટી વધીને 320.61 ફૂટ પર પહોંચી છે.

ઉપરવાસમાં પડેલો વરસાદ

સ્થળ	વરસાદ (મીમી)
બુરહાનપુર	17
હથનુર	23
ભુસાવલ	34
પીપરી	34
સાવખેડા	12
ચાંદપુર	13
ઉકાઈ	11
ચોપડવાવ	21

તાલુકાવાર વરસાદની સ્થિતિ

તાલુકો	વરસાદ (મીમી)
ઓલપાડ	18
માંગરોળ	28
ઉમરપાડા	65
માંડવી	29
કામરેજ	29
સુરત	38
ચોર્યાસી	13
પલસાણા	68
બારડોલી	69
મહુવા	69

સિક્કિમથી આવેલી NSS ટીમ યુનિ.ની ભવ્યતા જોઈ અભિભૂત

'થેન્ક્યુ સર, અમે અમારી યુનિ.ના કુલપતિને મળી શકતા નથી, તમે અમને સાંભળ્યા'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે રાષ્ટ્રીય એકતા શિબિરના સ્વયંસેવકોનું ઉત્સાહભર્યો પ્રતિસાદ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રોફેલ કોલેજ, વાપી દ્વારા મળીને વલસાડ જિલ્લાના બરૂમાળ ખાતે રાષ્ટ્રીય સ્તરની એનએસએસ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. એક અઠવાડિયા ચાલેલા કેમ્પમાં દેશના 12 વિવિધ રાજ્યોમાંથી કુલ 210 જેટલા NSS સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

આ કેમ્પમાં જોડાયેલી સિક્કિમની NSS ટીમે શનિવારે યુનિવર્સિટીનું ભવ્ય અને આયોજનબદ્ધ કેમ્પસ મુલાકાતી તરીકે જોયું અને વિવિધ સુવિધાઓ અને સંસ્થાની કામગીરી જોઈને ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સિક્કિમથી આવેલી વિદ્યાર્થિની પ્રતીક્ષા શર્માએ પોતાનો અનુભવ શેર કરતાં જણાવ્યું કે, "અમે અમારી રાજ્યની યુનિવર્સિટીના કુલપતિને ક્યારેય મળી શક્યા નથી. જ્યારે અહીં ગુજરાતમાં અમે કુલપતિ ડો.ચાવડાને રૂબરૂ મળ્યાં અને એ પણ ખુલ્લા દિલથી અમારી વાતો સાંભળી. આ અમારો જીવનભરનો યાદગાર અનુભવ રહેશે." અન્ય એક સિક્કિમના સ્વયંસેવક સાયન રાયે કહ્યું કે, "અમે અહીં પહેલીવાર ગુજરાત આવ્યા છીએ. અમારા મનમાં ઘણા પ્રશ્નો હતા, પણ અહીં જેવો સન્માન, પ્રેમ અને સત્કાર મળ્યો એ અમારું દૃષ્ટિકોણ બદલાવનારો અનુભવ રહ્યો છે.

યુનિવર્સિટીનું ભવ્ય માળખું અને વ્યવસ્થાથી પ્રભાવિત

વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ભવ્ય કેમ્પસ, આધુનિક સુવિધાઓ અને સંસ્થાના વ્યવસ્થાપન અંગે ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, "અમે અત્યાર સુધી એવું કોઈ ઐતિહાસિક અને સુસજ્જ કેમ્પસ જોયું નથી. ભવિષ્યમાં અભ્યાસ માટે આવી યુનિવર્સિટીમાં શિક્ષણ લેવાની ઈચ્છા જરૂર ઊભી થઈ છે."

ઓલપાડની ત્રણ દૂધમંડળી અમૂલ પેટર્ન મુજબ દૂધ નહીં સ્વીકારતી હોવાનો આક્ષેપ

સાંધીએર દૂધ ઉત્પાદક મંડળીના પ્રતિનિધિ બ્રિજેશ ગુણવંત પટેલે સુમુલના ચેરમેન, એમડી.ને પત્ર લખ્યો

સુરત : પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓમાં હૂંફાળા દૂધમાં ઠંડું દૂધ ભેળવવાનો મામલો ખાનગી ડેરીના દૂધ કલેક્શનનો વિડીયો વાયરલ થયા પછી ઓલપાડમાં પણ ચગ્યો છે. ઓલપાડની સાંધીએર દૂધ ઉત્પાદક મંડળીના પ્રતિનિધિ બ્રિજેશ ગુણવંત પટેલે સુમુલના ચેરમેન, એમડી.ને પત્ર લખી ત્રણ મંડળીઓમાં તપાસની માંગ કરી છે.

બ્રિજેશ પટેલે પત્રમાં જણાવ્યું છે કે, ઓલપાડ તાલુકાના જોથાણ દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી તથા ભટગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા સરસાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી જેઓ અમૂલ પેટર્નના સહકારી સિધ્ધાંતો તથા સુમુલ ડેરીના પેટા નિયમોને અને સહકારી કાયદાની વિપરીત રીતે નફો રળવાના હેતુસર વ્યાપારીકરણની પ્રવૃત્તિ કરી મોટા પાયે બહારથી ઠંડુ/ગરમ દૂધ લાવી રહી છે જેના પુરાવાઓ સુમુલ ચેરમેન, મેનેજરને વોટ્સઅપ થકી રજૂ કરેલા છે, જેઓની સામે તાત્કાલિક રીતે ન્યાય ઉચિત અને દાખલો બેસે તેવી કાર્યવાહી કરવામાં આવે,ઓલપાડ તાલુકામાં છેલ્લા ત્રણ માસમાં દૂધની આવકમાં થયેલા વધારા કે ઘટાડા બાબતે સુપરવાઈઝર તરફથી જે તે મંડળીના સભાસદના કોડ નં. થકી અને ગામદીઠ પશુઓની સંખ્યા ધ્યાનમાં રાખી ખોટી પ્રવૃત્તિ કરનારા તત્વોની સામે ભાવફેર સહિત નિયમોનુસાર દંડ ફટકારવાની કાર્યવાહી થવી જોઈએ. નહીંતર અમારે સુમુલ ડેરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

અફવા ફેલાવી મંડળીને બદનામ કરનાર સામે કાર્યવાહી થવી જોઇએ : જોથાણ દૂધમંડળી

સાંધીએર દૂધ મંડળીના પ્રતિનિધિએ કરેલા આક્ષેપોનો વળતો જવાબ આપતા જોથાણ મહિલા દૂધ મંડળીના સભાસદ ફિરોઝ મહુવાવાલાએ સુમુલનાં ચેરમેન એમડી.ને પત્ર લખી પોતાની મંડળી વિરુદ્ધ ખોટી અફવા ફેલાવી, બદનામ કરવાની કોશિશ કરનાર સામે કાર્યવાહી કરવા માંગ કરી છે. મહુવાવાલાએ પત્રમાં જણાવ્યું છે કે, થોડા દિવસથી અમારી મંડળી અને અમારી વિરુદ્ધ ખોટી અફવા અને વાતો કરીને અમને બદનામ કરવાનું કામ કરી રહ્યાં છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

દુબઇથી ફ્રોડ...

ભાવેશ રોઝીયાએ માહિતી આપતા જણાવ્યું કે, મુખ્ય આરોપી રેનિશ તેના પિતા નવીનભાઈ અને ભાઈ દિપેન નવીનચંદ્ર ધાનક સાથે મળીને આ ધંધો ચલાવતો હતો. હાલમાં, અલ્પેશ લાલજીભાઈ વઘાસીયા, દિપેન નવીનચંદ્ર ધાનક, નવીનચંદ્ર દયાલાલ ધાનક, ઝરીત હિતેશભાઈ ગોસ્વામી, સૌરવ જયેશભાઈ સાવલીયા, હરીશ મકવાણા, વિપુલકુમાર કાંતિભાઈ સાવલીયા, તરૂણભાઈ, વિશાલ ગૌરાંગભાઈ દેસાઈ, બંટી પરમાર અને મયુર સોજીત્રા જેવા અન્ય આરોપીઓ ફરાર છે. જયસુખ પટોળીયા અને યશ રામજીભાઈ પટોળીયા ડમી એકાઉન્ટ ખોલાવીને લોકો પાસેથી કરોડો રૂપિયા મેળવતા હતા.

પોલીસ તપાસ દરમિયાન મળી આવેલા બેંક એકાઉન્ટ્સના આધારે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતા આશ્ચર્યજનક વિગતો સામે આવી. આ બેંક એકાઉન્ટ્સ પર દેશના 26 જેટલા રાજ્યોમાં ફરિયાદો નોંધાઈ છે, જેમાં બિહાર, હરિયાણા, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર, તેલંગણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, કેરલા, મણિપુર અને મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે.

આરોપીઓના વિવિધ બેંક ખાતાઓમાં કુલ 235 કરોડ ના ટ્રાન્ઝેક્શનો થયા હોવાની હકીકત જણાઈ આવી છે. આ ઉપરાંત, આંગડિયા મારફતે આશરે 100 કરોડની આસપાસના નાણાકીય વ્યવહારો પણ મળી આવ્યા છે. આ લોકો મોટા પાયે છેતરપિંડી કરતા હોવાનું સ્પષ્ટ થયું છે. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોઝીયાએ વધુમાં જણાવ્યું કે, લગભગ 11 હજારથી પણ વધુ લોકો આ છેતરપિંડીની સ્કીમમાં જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે કેટલાક મુખ્ય સૂત્રધારો દુબઈ નાસી ગયા હોવાનું પણ સામે આવ્યું છે, જેના પગલે પોલીસ તેમને ઝડપી પાડવા માટે વધુ તપાસ કરી રહી છે. આ ઘટના ભારતમાં સાયબર ફ્રોડ અને નાણાકીય છેતરપિંડીના વધતા જતા જોખમને ફરી એકવાર ઉજાગર કરે છે.

છેતરપિંડીની મોડસ...

આપતા.આ સ્કીમમાં ઓછામાં ઓછા 18 મહિના સુધી રોકાણ કરવું ફરજિયાત હતું. દુબઈથી નેટવર્ક ચાલતું હતું. કુલ 11,000 લોકો સ્કીમ સાથે જોડાયેલા છે. આ છેતરપિંડીનો મૂળભૂત પાયો મલ્ટિ-લેવલ માર્કેટિંગ (MLM) પિરામિડ સ્કીમ પર આધારિત હતો. જે ગ્રાહકો અન્ય નવા ગ્રાહકોને આ કંપનીમાં રોકાણ કરવા માટે આકર્ષિત કરતા હતા.

પોલીસે રાજકોટ...

ગુનાહિત પ્રવૃત્તિઓ જણાતા, રાજકોટ ખાતે શીતલ પાર્ક ચોક, 150 ફૂટ રિંગ રોડ પર આવેલી Sky Growth Wealth Management ની ઓફિસ નંબર 1123, 11મા માળ, ધ સ્પાયર-2 પર પણ દરોડો પાડવામાં આવ્યો.આ તપાસના આધારે, સાયબર ક્રાઈમે ધી પ્રાઈઝ ચીટ મની સર્ક્યુલેશન સ્કીમ બેનિંગ એક્ટની કલમ-4, 5, 6 તથા આઈ.ટી. એક્ટની કલમ-66(ડી) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

આરોપી હરીશ...

રેડની જાણ થતાં ડેનીશના પિતા નવીનચંદ્ર અને ટ્રેડિંગ એકાઉન્ટ ઓપરેટ કરનાર હરીશ મકવાણા લેપટોપમાં તમામ ડેટા લઈને દુબઈ ભાગી ગયા હતા.આ ટોળકીની સાથે દુબઈમાં બેસીને આજ રીતે ફોરેક્સ ટ્રેડિંગ ચલાવતો અને અગાઉ સુરતમાં ઓફિસ ખોલીને દુબઈ ભાગી ગયેલો તરુણ ટંડેલ પણ સામેલ છે.

સિલ્ટિંગ, આજુબાજુમાં...

પાટીલના અધ્યક્ષસ્થાને મીટિંગ મળી હતી. જેમાં કલેક્ટર, મનપા, સિંચાઈ સહિતના તમામ વિભાગો હાજર હતા. આ બેઠકમાં સુરત શહેરની ખાડીમાં આગળથી આવતા વરસાદી પાણીના કારણે પૂરની પરિસ્થિત ન ઉદ્ભવે તે માટે ચર્ચા-વિચારણા, મંથન કરવામાં આવ્યું હતું. નર્મદા, જળસંપત્તિ અને કલ્પસર વિભાગ અને સુરત મનપા દ્વારા ખાડીપૂર પ્રભાવિત વિસ્તારોનો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ચિતાર આપવામાં આવ્યો હતો. જેમા સિંચાઈ વિભાગે અઢી કલાકની મીટિંગમાં 25 મીનિટ સુધી મનપાની પોલ ખોલતું પ્રેઝન્ટેશન આપ્યું હતું. બેઠકમાં ભવિષ્યને ધ્યાને રાખીને લાંબાગાળાનું માઈક્રોપ્લાનિંગ કરવા અધિકારીઓને સૂચનાઓ આપી ટૂંકા ગાળામાં પૂરની પરિસ્થિતિને કેવી રીતે નિવારી શકાય તે માટે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, વન મંત્રી મુકેશ પટેલ, આદિજાતિ મંત્રી કુંવરજી હળપતિ, ધારાસભ્યો તેમજ મેયર, મ્યુનિ. કમિ. સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

બારડોલીના હરિપુરાની ભામૈયા કડોદરા ખાડી અને શામપુરાની દેલાડ જોખા કોસમાડી ખાડીના પાણી સુરતમાં આવે છે

બારડોલી તાલુકાના હરિપુરા ખાતે ઉદ્ભવતી ભામૈયા કડોદરા ખાડી અને શામપુરા ખાતેથી ઉદ્ભવતી દેલાડ જોખા કોસમાડી ખાડીના પાણી સુરત શહેરમાં આવે છે. આ ખાડીઓની ક્ષમતા ઓછી થવાના કારણે, ડ્રેનેજની જગ્યામાં બાંધકામ થવાથી, વિવિધ સોસાયટીઓની કમ્પાઉન્ડ વોલ કે પાણીના વહેણ અવરોધવાના કારણે પાણીનો ભરાવો થાય છે. જેના ઉકેલ માટે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ખાડીઓના પાણી ડાયવર્ટ કરી, તાપીમાં લઈ જવા ઉપરાંત ખાડીઓના પટ વિસ્તારમાં આવતા તળાવો ઉંડા કરવા સહિતની બાબતોને ધ્યાને લઈને સર્વે, આયોજન અંગે પદાધિકારી-અધિકારીઓની સાથે સીઆર પાટીલે ચર્ચા કરી હતી.

ખાડીપૂર નિવારવા...

હટાવવામાં આવે તેમજ શહેરી રોડ-રસ્તા તથા ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા હાઈ-વેને સમાંતર પાઈપલાઈન કરી વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે.

સરસ્વતી સ્કૂલમાં...

આચાર્યને મળવા ગયો હતો. ત્યાં બનેલી ઘટના હજુ પણ અનુમાન આધારિત છે. કેટલાક વિદ્યાર્થીઓના કહેવા મુજબ તેને ફક્ત ઠપકો આપ્યો હતો, જ્યારે પરિવારનું કહેવું છે કે તેને તમાચો પડ્યો હતો, અને એ જ તેના માનસિક તણાવનું મોટું કારણે બની ગયો હતો.

પોલીસમાં આચાર્યએ માત્ર ઠપકો આપ્યાનું નિવેદન આપ્યું છે. આજે પોલીસે સંચાલકો પ્રદિપ પંડ્યા (ઉ.વ.45, રહે, અશોકનગર અઠવાલાઈન્સ) અને શાળામાં દખલ કરનાર તેના શિક્ષક જમાઈ જે સ્કૂલમાં ટ્રસ્ટી પણ છે તે અશોક ત્રિવેદી (ઉ.વ.52, રહે.જલારામનગર પાંડેસરા)ના નિવેદન લીધા છે.

મનપાની શિક્ષણ...

શાળામાં કાર્યરત (પગારધારક) શિક્ષક કોઈ ખાનગી શાળા ચલાવી શકે નહી. પરંતુ સચિનમાં એક બાળકની તળાવમાંથી લાશ મળી તે સરસ્વતી હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી અશોકભાઈ પોતે ઉનની શિક્ષણ સમિતિની શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. ભારત સરકાર અને રાજ્ય સરકારોના નોકરીના નિયમો અનુસાર પગારધારક સરકારી કર્મચારી એટલે કે શિક્ષક બીજી કોઈ પેઈંગ એક્ટિવિટી (જેમ કે બિઝનેસ કે સંસ્થા ચલાવવી)માં સક્રિય ભાગ લઈ શકે નહીં, જ્યાં સુધી તેને ઉચ્ચ અધિકારી તરફથી લેખિત મંજૂરી ના મળી હોય.

આ સમગ્ર મામલે શિક્ષણ વિભાગની કમિટીએ તપાસ શરૂ કરી છે, જેમાં તમામ તથ્યોની તપાસ થશે. સાથે જ આ ટ્રસ્ટી ડિંડોલી સહિતની બીજી શાળામાં પણ ટ્રસ્ટી તરીકે સક્રિય છે કે કેમ તે અંગે પણ શિક્ષણ વિભાગની ટીમ તપાસ કરશે.

વાપીના બગવાડા...

પગલે હવે હાઈવે ઓથોરિટીએ જ્યાં લાંબા-લાંબા ખાડાઓ છે અને અવારનવાર ખાડાઓ પડે છે ત્યાં રોડને સીસી કરી દેવાનો નિર્ણય કર્યો છે. હાલમાં ભિલાડ ચેકપોસ્ટ નજીક આ રીતે હાઈવેને સીસી રોડ કરાઈ રહ્યો છે. જ્યારે બગવાડા ટોલનાકા પાસે પણ આ જ રીતે સીસી રોડ કરી દેવામાં આવશે. જે નાના ખાડાઓ છે તેને ભરવામાં આવશે. હાઈવે ઓથોરિટીએ આ સીસી રોડ બનાવવા માટે એક્સપ્રેસ હાઈવે બનાવતી કંપનીઓની મશીનરીઓને પણ આ કામગીરીમાં જોડી દીધી છે. હાલમાં વાપી ખાતે સીસી રોડ કરાઈ રહ્યા છે પરંતુ આગામી દિવસોમાં અન્ય ઠેકાણે પણ હાઈવે પર લાંબા-લાંબા ખાડાઓ પડશે ત્યાં સીસી રોડ કરી દેવામાં આવશે.

શહેરની અનેક..

બાળકોને બેગ સાથે બોલાવ્યા હતા.

સરકાર દ્વારા ૫મી જુલાઈથી જ આ પરિપત્રનો અમલ કરવાનો હોવાથી પહેલી વખત હજારો બાળકો આજે સ્કૂલમાં બેગ વગર જોવા મળ્યા હતા. શહેરની મોટાભાગની શાળાઓએ પરિપત્રને ધ્યાનમાં રાખીને તેનો અમલ કર્યો હતો. જો કે ઘણી શાળાઓમાં બાળકોને બેગ સાથે જ બોલાવવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકો અને આચાર્યોનું કહેવું છે કે, ધો.૧ થી ૨ના વિદ્યાર્થીઓની સ્કૂલ બેગનું વજન દોઢથી બે કિલો, ધો.૩ થી ૪ના વિદ્યાર્થીઓની બેગનું વજન ૩ કિલો અને ધો. ૬થી ૮ના વિદ્યાર્થીઓની બેગનું વજન ૪ કિલો હોય છે. આજથી શરૂ થયેલી આ નવી પહેલથી સપ્તાહમાં એક દિવસ તેમને આ ભારમાંથી મુક્તિ મળશે. પરંતુ હવે એ જોવાનું રહેશે કે જે શાળાઓ ઓછી ફી લે છે અને ઘણી સ્કૂલો પાસે ડ્રોઈંગ, મ્યુઝિક કે બીજી એક્ટિવિટી કરાવી શકે તેવા શિક્ષકોનો અભાવ છે, તેઓ કઈ રીતે એક્ટિવિટી કરાવશે. ઉપરાંત ઘણી સ્કૂલો પાસે બોર્ડના ધારાધોરણ પ્રમાણેના મેદાનો પણ નથી. બેગલેસ ડેના ભાગરુપે આવી સ્કૂલોને બાળકો પાસે માસ પીટી, યોગા કે અન્ય રમતો રમાડવાનું કામ મુશ્કેલ બનશે.

ક્મોડ પર બેસીને...

જોઈએ.હવે કોઈ પણ વ્યક્તિ કોર્ટ સમક્ષ વીડિયો કોન્ફરન્સથી વર્ચ્યુઅલ હાજર થાય તો કોર્ટની આમાન્યા (માન - સનામાન) જળવાવી જોઈએ, તેની તકેદારી રાખવાની રહેશે. જો કોઈ પણ વ્યક્તિ લાઈવ સ્ટ્રીમીગ વખતે ગેરશિસ્ત કરતો જોવા મળશે, તો તેને ત્વરીત કોર્ટ કાર્યવાહી છોડવાનું કહી દેવાશે. આવી સ્થિતિમાં લાઈવ સ્ટ્રીમીગ અટકાવી દેવાનું રહેશે. સુરતના અરજદારના કિસ્સામાં હવે રજીસ્ટ્રીને આદેશ કરવામાં આવે છે કે તેની સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવી એટલું જ નહીં સંબંધિત કોર્ટ સમક્ષ આ રિપોર્ટ રજુ કરવાનો રહેશે. બે સપ્તાહની મુદત દરમ્યાન સુરતના અરજદાર સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કારવ નોટિસ કાઢવાની રહેશે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી આ ઘટના 20 જૂને ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિઝૌર એસ. દેસાઈની બેન્ચ સમક્ષ બની હતી. વીડિયોની શરૂઆતમાં 'સમદ બેટરી' તરીકે લોગ ઈન થયેલા અરજદારનો ક્લોઝઅપ દેખાય છે, જેના ગળામાં બ્લૂટૂથ ઈયરફોન લટકતો હતો.ત્યારબાદ તે પોતાનો ફોન થોડે દૂર રાખે છે, જેનાથી દેખાય છે કે તે શૌચાલયમાં બેઠો છે. વીડિયોમાં તે પોતાને સાફ કરતો અને પછી વોશરૂમમાંથી બહાર નીકળતો પણ દેખાય છે. ત્યારબાદ તે થોડા સમય માટે સ્ક્રીન પરથી ગાયબ થઈ જાય છે અને પછી એક રૂમમાં ફરીથી દેખાય છે.કોર્ટના રેકોર્ડ મુજબ, આ વ્યક્તિ FIR રદ કરવાની માંગણી કરતી રીટ અરજીમાં પ્રતિવાદી તરીકે હાજર હતો. તે ફોજદારી કેસમાં ફરિયાદી હતો. પક્ષકારો વચ્ચે સૌહાર્દપૂર્ણ સમાધાન થયા બાદ કોર્ટ